





સાચવે છે સૌને પોલીસ, માત્ર આબરુ સિવાય!
તકેદારી લે તમામ, માત્ર આબરૂ સિવાય!
આબરૂ સિવાય ચિંતા નથી છો લૂંટાય બધું -
કાંઇ જ ચોરાયું નથી, માત્ર આબરુ સિવાય!




છે ધર્મલક્ષી,
મુસ્લમ અનામત -
કોર્ટ ચૂકાદો..
(છતાં ય અપીલ?!)

સંતાડો છો કાં?
છાસ માગવી છતાં -
નેતૃત્વ દોણી?
(કેશુબાપાની ગુપ્ત મૂલાકાતો)

## ચિંતન

**આત્મબુધ્ધિ સુખાયૈવ ગુરુબુધ્ધિર્વિશેષતઃ ।**
**પરબુધ્ધિ વિનાશાય સ્ત્રી બુધ્ધિ પ્રલયાવહા ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય 'સામાન્ય નીતિ' નો આ શ્લોક છે :-

માણસની સ્વબુધ્ધિ સુખ આપનારી છે અર્થાત માણસ જાતે જ પોતાની બુધ્ધિ-જ્ઞાન-અનુભવ અને આત્માના અવાજ પ્રમાણે જે નિર્ણય લે તે અંતે સુખદાયી હોય છે.

ગુરુજન-વડીલ-અનુભવીઓની સલાહ અનુસાર બુધ્ધિથી જો નિર્ણય-કામ કરવામાં આવે તો અંતે વિશેષ સુખકારક બને છે.

પરંતુ પારકી બુધ્ધિ બીજાની બુધ્ધિ-સલાહ પ્રમાણે વર્તનારા દુખી થાય છે અર્થાત બીજાની બુધ્ધિ દોરવાઇ નિર્ણય લેનારાઓનો અંતે તો વિનાશ જ થાય છે.

પરંતુ, સ્ત્રી-પત્ની-પ્રિયાની સલાહ પ્રમાણે આચરણ-વર્તન કરનાર વ્યક્તિના જીવનમાં તો પ્રલયકારી વિનાશ જ થાય છે. પ્રલય આવે તેમ સર્વનાશ થાય છે.

ઓબામાની પત્નીએ-મિસેલે ઓબામાને ચૂંટણીમાં 'પ્રમુખ'ની ઉમેદવારી ન કરવા, પોતાની બુધ્ધિથી સલાહ આપી. દબાણ પણ કરતી હતી એટલે સુધી કે છૂટાછેડાની ધમકી સાથે કાગળો પણ તૈયાર કરાવી રાખ્યા હતા, પણ ઓબામા પોતાની બુધ્ધિ-નિર્ણય પર મક્કમ રહ્યા અને ચૂંટણી લડ્યા, જીત્યા અને પ્રમુખ થયા. મિસેલે 'પ્રથમ મહિલા' નાગરિકનું બિરૂદ મેળવ્યું, આજે સુખી છે.

## સુવિચાર

- વાસના, દ્વેષ, અને અહંકાર એ ત્રિવિધ અગ્નિ છે જયાં સુધી એ ઓલવાઇ ન જાય ત્યાં સુધી હૃદયને શાંતિ કે સુખ મળતાં નથી - **બુધ્ધ**
- આપણી પ્રાર્થના માત્ર સ્વકલ્યાણ માટે નહીં પણ સર્વજન હિત-કલ્યાણ માટે હોવી જોઇએ - **સોક્રેટીસ**
- જે રાગ દ્વેષથી પર છે, ઇન્દ્રિય વિષયો જેને ચલાયમાન નથી કરી શકતા તે મનુષ્ય સુખી છે - **પ્લેટો**
- ભાગ્યના પુરૂષાર્થ અને પરિશ્રમ એ બે પગ છે - **એસ. ભટાચાર્ય**
- અવિનયી રાજા કરતાં શાસકવિહીન રાજય બહેતર છે - **ચાણક્ય**
- જીવન જીવવાની કળા અને મૃત્યુ પામવાની કળા બન્નેે એક જ છે - **એપિક્યુરસ**
- મૌન માત્ર કળા નથી વાક્પટુતા પણ છે, એટલે કે મૌન સરસ રીતે બોલે પણ છે- **સિસરો**

## બોધકથા

**આજે તો સરકારી કામ કરવાના ટેન્ડર હોય, કોન્ટ્રેક્ટ હોય, ખરીદી હોય બધામાંથી ઉપરથી નીચે સુધીની 'સાહેબો'ની ટકાવારી નિશ્ચિત જ હોય છે. કોઇને રાષ્ટ્રીય ભાવના એન દેશદાઝ રહ્યાં જ નથી. રાજા હોય કે ચિદંમ્બર બધાના હાથ કાળા જ છે.**

**લાલ બહાદુર શાસ્ત્રીજી અને પોતાના ધર્મપત્ની સાથે એક ખાદીભંડારમાં, લલિતા દેવી માટે ખાદીની સાડી ખરીદવા ગયા.**

**ખાદી ભંડાર મોટો હતો અને શાસ્ત્રીજીને જોઇ મેનેજર ખૂદ સરભરામાં આવી ગયા. મેનેજરે લલિતાજીને મોંઘી અને રેશમી ખાદીની સાડીઓ બતાવવાનું શરૂ કર્યું. પાલવ પર કિંમતની ચિટકી લખેલી હતી. એ ભાવ જોઇ તરત લલિતાદેવી બોલ્યાં મારે આવી મોંઘા ભાવની સાડીઓની જરૂર નથી પણ ઘરમાં પહેરવાના ઉપયોગ માટે સાદી-ખાદીની જ સાડી જોઇએ છે!**

**દુકાનદારે-મેનેજરે સ્પષ્ટ કહ્યું - મેડમ, તમે કિંમતની ચિંતા ન કરો, પૈસા લેવાના નથી. અમારે આવું તો 'એડજસ્ટમેન્ટ' થયા કરે!**

**લાલ બહાદુર શાસ્ત્રીના ભવાં ખેંચાયા એ કહ્યું, મારાથી ભેટને હાથ ન અડકાવાય. તમારે સાડીના પૈસા તો લેવાના જ છે. સાદી ખાદીની ઓછી કિંમતની બે સાડી તરત આપી દો.**

**મેનેજર વાતાવરણ પામી ગયો. સાડીઓ અને બીલ આપી ત્યાંથી છટકી ગયો.**

# અન્ય કરતાં પોતાની આગવી ઓળખમાં માનવ્યની સુવાસ છુપાયેલી છે, પોતાની આવડત, બીજાથી અલગ તરી આવવાની ક્ષમતા બતાવવી એ માનવ સહજ સ્વભાવ છે

## લાગણીનો મેળો

**- રસિક આર. વાળંદ 'નિર્ઝર'**

ઊજળો દિન દેખી સૌ જાણે ન્યાલ થયો આ ટાણે,
કાલ દિવસ કેવો દેખાશે, એ તો ઈશ્વર જાણે!

ઈશ્વરે દરેકને કંઈકને કંઈક વિશિષ્ટ શક્તિ બક્ષિસ રૂપે આપી છે. અરે, મનુષ્ય જીવન જ ઈશ્વરની ભેટ સ્વરૂપ જ છે. સમગ્ર સૃષ્ટિમાં માનવ કુદરતનું શ્રેષ્ઠતર શ્રેષ્ઠતમ સર્જન છે! આ મનુષ્ય 'માનવ' થવા મથતો રહે એમાં જ એના જીવનનું સાર્થક્ય છે. કવિ સુન્દરમે કહ્યું છે, 'હું માનવી માનવ થાઉં તો ઘણું.' સતત મથતો રહે તે માણસ. જે મળ્યું, મેળવી લીધું તેનાથી સંતોષ માની શાંત બેસી રહેવું એ માણસનું ધ્યેય નથી. રોટી, કપડાં, મકાન - એ તો મૂળભૂત પ્રાથમિક જરૂરિયાતો છે. તેના સિવાય માનવીને કેટલીયે ભાવનાત્મક એષણાઓ પણ હોય છે. ભોગ જીવનતો માત્ર પચ્ચીસ ટકા છે. જીવનનો મોટો ભાગ પંચોતેર ટકા ભાવ જીવનનો છે. વધુ પડતું ભોગેશ્વર્ય ભોગવનાર ભલે દેખાવે માણસ હશે પણ પશુ તુલ્ય જ ગણાય! પશુ જીવન કરતાં માનવજીવન કંઈક વિશેષતઃ છે. માત્ર ખાવું, પીવું અને મજા કરવીએ જીવનની ઇતિકર્તવ્યતા નથી બલ્કે જીવનમાં ઈશત્ય - શ્રેષ્ઠત્વ નિમાર્ણ કરવું એ પણ માનવ જીવનનું એક લક્ષ્ય છે.

અન્ય કરતાં પોતાની આગવી ઓળખમાં માનવ્યની સુવાસ છુપાયેલી છે. પોતાની આવડત, બીજાથી અલગ તરી આવવાની ક્ષમતા બતાવવી એ માનવ સહજ સ્વભાવ છે. એમાંથી જ હરિફાઇ જન્મી. આજે દરેક ક્ષેત્રમાં ગળાકાપ હરિફાઇ જોવા મળે છે. પોતાની આગવી ઓળખ ચરિતાર્થ કરતાં રહેવું એ સુષુપ્ત એષણા જ છે!

દોસ્તો, સ્થિરતા એ તો મૃત્યુ છે. જીવન એ ગતિશીલતા છે. સતત વહેતા રહેવું, વધતા રહેવું, વિકસતા રહેવું એટલે જ ગતિશિલતા... આજના 'ફાસ્ટ' યુગમાં દરેક જણ ઉતાવળે - ઉતાવળે, દોડતાં - દોડતાં કંઇક હસ્તગત કરવા મથે છે, પરંતુ 'ઉતાવળે કંઇ આંબા પાકે?!', 'ઉતાવળથી અમૃતરસ ન મળે.', 'ધીરજનાં ફળ મીઠાં' સમજપૂર્વક ધીરજથી આગળ વધવામાં જ શાણપણ રહેલુ છે. આજે પ્રત્યેક વ્યક્તિ બીજાથી આગળ વધવા મથતો રહે છે. અરે! કાવાદાવા, છળ-પ્રપંચ 'યેનકેન પ્રકારેણ' સમર્થ બનવા મથે છે. માનવ જીવન અનેક પકડારો ઝીલી આગળ વધવાની એક ઉમદા તક છે. મળેલી તકને વેડફાય નહીં!!

મિત્રો! સાગરમાં ઉછળતાં કૂદતાં મોજાંઓ એકબીજાને હડસેલી આગળ નીકળવા કેવા મથતાં હોય છે! અરે, અષાઢી વાદળાં પણ એકબીજાને ધક્કે ચઢાવી આગળ વધવા મથે છે!! માણસનું જીવન પણ એક હોડ સમાન છે. અનેક રેકોર્ડો સર્જી જીવન છલકાવી દો. આજ સર્જાયેલ 'રેકોર્ડસ' આવતી કાલે તૂટશે... 'રેકોર્ડ્સ' તો તૂટવા માટે જ સર્જાય છે ને!! પરંતુ જીવનમાં ખુમારીનો આગવો રંગ લાવો... ખુમારીની રતાશ એ અસ્મિતાની ઓળખ છે.

કવિ શ્રી ગની દહીવાલાએ લખ્યું છે;

'રસ્તો નહીં જડે તો રસ્તો કરી જવાના,
થોડા અમે મનમાં મૂઝાઇ મરી જવાના!'

કંઇક કરી બતાવવાનું આગવું જોમ નિર્માણ કરો. મૂંઝાઇને મરી જવામાં માનવ્યનું ઘોર અપમાન છે. નવા રસ્તાઓ સર્જાવા એ તો મર્દાનગીને પકડાર છે. માનવજીવન સંઘેડા ઘાર ન હોય. સમસ્યાઓ, મથામણ, સંઘર્ષ, મૂંઝવણની માયાજાળ છે. એમાંથી જ જીવન રસ ભોગવવો એ જ કુશળતાની કસોટી છે. માનવીના ભાગ્યમાં આગવા રસ્તાઓ ચાતરવાનું લખાયેલું છે. તેથી જ એક કવિએ કહ્યું છે :

"ઉતારો રાસ ના આવે, મળે ના ચેન મંજિલ પર,
મુકદ્દરમાં લખાયા છે અમારે નામ રસ્તાઓ."

આત્મીય યુવજનો! ચોતરફ રહેલા શુભત્વ, ઉમદાપણો જીવનમાં લાવવા મથો... જીવન ગતિશીલ બનાવો. ગતિશીલતા ઉત્સાહની જન્મદાત્રી છે. એમાં જ આગવું સંગીત છુપાયેલું છે!!!

**- : સ્પર્શમણિ : -**

ગુરુ ગોવિંદસિંહને શિષ્યે ચાંદીના પ્યાલામાં પાણી આપ્યું. ગુરુએ તેના હાથ તરફ જોઇ કહ્યું : 'બેટા, તારો હાથ બહુ કોમળ છે.' એ સજ્જને કહ્યું : 'કોમળ જ હોય ને ગુરૂજી! ઘરમાં નોકર ચાકર છે, કદી હાથે કામ કરવું પડતું નથી.' ગુરૂગોવિંદસિંહ કહે :'તો તો આ પાણી હું નહીં પીઉં. જે હાથ કામ કરતા નથી, સેવા કરતા નથી તેને પવિત્ર કેમ કહેવાય?'

# કોઇ પણ પ્રકારનું પરિણામ જોઇએ તો પ્રક્રિયા તો કરવી જ પડશે... એના વિના નહીં ચાલે

## પ્રક્રિયા કરો, પરિણામ મળશે...

**- હર્ષદ પ્ર. શાહ**

આ એક અત્યંત મહત્ત્વનો સિધ્ધાંત છે. માત્ર સિધ્ધાંત જ નહીં, વ્યાવહારિક અનુભૂતિ પણ છે. માત્ર મારી જ અનુભૂતિ નહીં, દરેકની હશે. હું તો એને માત્ર શબ્દોમાં ઢાળું છું.

એક ઉદાહરણની આ સિધ્ધાંત સરળતાપૂર્વક સમજાશે.

એક રાજા હતો.

રાજા પોતાની પ્રજાને દિલથી ચાહતો.

પ્રજા પોતાના રાજાને પૂરા પ્રેમથી ચાહતી.

એકબીજાના સુખેદુઃખે સહુ સુખી-દુઃખી હતા.

પ્રજા ખાતર રાજા મરી પડતો અને રાજા ખાતર કોઈ પણ પળે પ્રજાનો કોઈ પણ પળે પ્રજાનો કોઈ પણ સભ્ય માથું આપવા તૈયાર હતો.

હોય જ ને! જે રાજાને ન ગમતા વૈભવ કે ન ગઠતા વિલાસ... જેને એક જ વાતની રટણ લાગી હતી કે મોક્ષ શી રીતે મળે? આત્માના સ્વરૂપનું જ્ઞાન શી રીતે થાય? ...આવો રાજા કેમ લોકપ્રિય ન બને? ન તો એને સંપત્તિની ભૂખ હતી કે ન તો સુંદરીઓનાં સૌંદર્યમાં એને રસ હતો. ભૌતિકતા પ્રત્યે એ સંપૂર્ણ ઉદાસીન હતો.

આવો નિઃસ્પૃહી રાજા રૈયતને શા માટે પીડા આપે? પ્રજા ઉપર ત્રાસ ગુજારવાનું એને કોઈ પ્રયોજન ન હતું. પછી રાજા રૈયતને ચાહે અને રૈયત રાજાને ચાહે એમાં નવાઈ શી?

પરાર્થ રસિકની તો વાત જ ન્યારી! સ્વાર્થીઓનો તો એની કલ્પનાય ન આવે.

આ રાજા ધર્મસભા ભરતો. જુદા જુદા ધર્મોનાં પ્રચારકોને બોલાવતો. સહુને એક જ પ્રશ્ન પૂછતો કે, 'મારો મોક્ષ શી રીતે થાય? મને કોઈ મોક્ષનો માર્ગ બતાવો...'

પોતપોતાની રીતે સહુ એનું સમાધાન કરતા. રાજા સહુને સાંભળતો. વર્ષો વીતી ગયાં પણ મોક્ષનો માર્ગ ન જડ્યો.

રાજાની વ્યથાએ માઝઆ મૂકી. રાજા દિવસે દિવસે સુકાવા લાગ્યો. કોઈ સંતને આ વાતની ખબર પડી કે, રાજાને મોક્ષ જોઈએ છે પણ હજુ એનો માર્ગ જડ્યો નથી.

એ રાતે બારના ડંકા થયા કે તરત એ સંત રાજમહેલની અગાસી ઉપર ચડ્યા. મધરાતેપણ રાજા મોક્ષનો વિચારમાં જાગતો પડ્યો રહ્યો.

રાજાની વ્યથાએ માઝા મૂકી. રાજા દિવસે દિવસે સુકાવા લાગ્યો. કોઈ સંતને આ વાતની ખબર પડી કે, રાજા મોક્ષના વિચારમાં જાગતો પડ્યો હતો.

અગાસીમાં કોઈના પગરખાંનો અવાજ સાંભળીને રાજા ઊભો થઈને અગાસીમાં ગયો. પડકાર કરતાં એણે પૂછ્યું, 'કોણ છો?'

સંતે કહ્યું, 'રાજન! એ તો મારું ઊંટ ખોવાયું છે તે શોધવા અહીં આવ્યો છું'

ખડખડાટ હસી પડતાં રાજાએ કહ્યું, 'ઓ મૂર્ખ આદમી! ઊંટ તો આવી ઊંચી અગાસીમાં ચડતું હશે?'

એવા જ હાસ્ય સાથે સંત બોલ્યા, 'તો રાજન! મોક્ષ તે કાંઇ રાજમહેલમાં બેઠાં બેઠાં મળશે? આપ પણ કેવી મૂર્ખામી કરી રહ્યા છો?'

તેજીને તો ટકોરો જ બસ હોય!

સવાર પડતાં જ રાજાએ રાજમહેલનો ત્યાગ કર્યો.

પરિણામ દરેકને જોઈએ છે... પણ પ્રક્રિયા દરેકને કરવી નથઈ.

પ્રક્રિયા જ જો ન થાય તો પરિણામ કેવી રીતે મળે? બધું તો કંઈ પ્રારબ્ધ પર છોડી શકાય નહીં! કંઈ પણ કામ કરવું, પુરૂષાર્થ કરવો, પ્રક્રિયા કરી... એ તો કુદરત પણ ઈચ્છે છે. આંબાના ઝાડ પર કેરી તો લટકે છે પણ એ મેળવવા કૂદકો તો મારવો પડે ને? આંગણે તુલસીનો કે ગુલાબનો છોડ સરસ પાન કે ફલ આપે એવી અપેક્ષા છે પણ એને પાણી તો પાવું પડે ને?

કદાચ એવું બને કે કેરીનું ફળ એની મેળે ઝાડ પરથી જમીન પર પડે. કદાચ એવું પણ બને કે તુલસી કે ગુલાબ સ્વયંભૂ ખીલે... પણ એ નિશ્ચિત નથી, સંભાવ્ય છે. પ્રારબ્ધ કે કુદરતને આધીન છે. શું કુદરત પરિણામ આપે ત્યાં સુધી બેસી રહેવું?

સર્વશક્તિમાન પરમેશ્વરની રચના પણ એવી છે કે એ પુરૂષાર્થ કરનારને વધુ મદદ કરે છે... **God helps them, who help themselves.**

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# સ્વાસ્થ્ય, માન કે ધન હાથમાંથી નીકળી જાય તો ફરીથી મેળવી શકાય છે પરંતુ વહી ગયેલો સમય કદી પાછો આવતો નથી

## સખીને પત્ર

**- સ્વાતિબા રાઓલ**

'આપણે જો સમયનો સદ્પયોગ કર્યો છે તો તે સમય વ્યર્થ નથી ગયો.'

પ્રિય સખી,

હવે હાશ થઈ! સવારે ઊઠીને પાણી ભરવું, રસોઈ કરવી, બાળકોને સ્કૂલ માટે તૈયાર કરવાં, ઘરમાં રોજિંદા કામથી પરવારી દોડતાં - દોડતાં નોકરીએ પહોંચીએ એટલે થોડી હાશ થાય ન થાય ને પાછા નોકરીએ પહોંચીએ એટલે થોડી હાશ થાય ન થાય ને પાછા નોકરીમાં કામમાં દોડવાનું. સમય હાથમાંથી સરી જતી રેતીની ઝડપે સરી જાય છે. રોજ-બ-રોજની જિંદગીમાં સમયનું મહત્ત્વ એટલું છે કે જીવનને ખુશીઓ, ઉપલબ્ધિઓ કે સંવેદનાઓ દ્વારા નહિ પરંતુ સમયના પૅરામીટરથી માપવામાં આવે છે જેમ કે, આ સમય સારો છે અને જે વીતી ગયો તે ખરાબ સમય હતો! અત્યારે કામનો સમય છે તો રાત્રએ ફૂરસતની પળો હશે. માત્ર વ્યક્તિગત જીવન જ નહિ પરંતુ સરકારો, વ્યવસ્થાઓને પણ આપણે સમયથી જ આંકીએ છીએ. જેમ કે, તે નહેરૂનો વખત હતો આ મનમોહનસિંહનો સમય છે. આ મંદીનો દોર છે ત્યારે તેજીનો સમય હતો. આપણી આસપાસમાં ઘટતી અને વસ્તુને આપણે સમયના ચશ્માંથી જ જોઈએ છીએ. જાણે જિંદગી સમયરેખા પર ચાલતી કોઈ વાર્તા ન હોય!

અને હોય જ કારણ કે દુનિયાની બધી જ શક્તિઓમાં સમય સૌથી મૂલ્યવાન છે. સૂર્ય સમયસર ઉગે છે. અને સમયસર અસ્ત થાય છે. વૃક્ષ, ફળ, ફૂલ બધું જ સમય થતાં ઊગે છે, ખીલે છે અને સમય પૂરો થતાં મૂરઝાય છે. સમય અંગે પ્રકૃતિના નિયમો અટલ છે. મનુષ્ય પણ પ્રકૃતિનું અભિન્ન અંગ છે. એટલે એણે પણ સમય પ્રમાણે ચાલવું પડે છે. સ્વાસ્થ્ય, માન કે ધન હાથમાંથી નીકળી જાય તો ફરીથી મેળવી શકાય છે પરંતુ વહી ગયેલો સમય કદી પાછો આવતો નથી.

"સમય લાભ સમય લાભ નહિ, સમય ચૂક સમ ચૂક
ચતુરન ચિત રહીમન લગી, સમય ચૂક કી હૂક"

-એટલે કે સમય લાભ પણ છે અને સમય હાનિ પણ છે. ચતુર લોકો સમયનો લાભ ઉઠાવે છે. જે સમયનો લાભ લેવાનું ચૂકી જાય છે તેના હૃદયમાં સદૈવ ડંખરૂપે (હૂક) રહી જાય છે. સંત ફરીદ એકવાર પોતાના શિષ્યો સાથે એક ગામમાંથી પસાર થઈ રહ્યા હતાં. તેમણે એક ખેડૂતને પોતાની ગાય સાથે જતો જોયો. ખેડૂતના હાથમાં ગાયનું દોરડું હતું તેનાથી બંધાયેલી ગાય તેની પાછળ પાછળ આવતી હતી. ફરીદે શિષ્યોને પ્રશ્ન કર્યો કે, "આમાં કોણ કોના કબજામાં છે? ગાય ખેડૂતના કે ખેડૂત ગાયના?" શિષ્યોએ જવાબ આપ્યો 'દેખીતું છે! જો આ દોરડું ખેડૂતના હાથમાંથી છૂટી જાય તો કોણ કોની પાછળ દોડશે?' જવાબ સ્પષ્ટ હતો. ખેડૂતે ગાયની પાછળ દોડવું પડે. તો આ ગાય એ સમય છે. દેખીતી રીતે આપણે સમયનું પ્રબંધન કરીએ છીએ અને સમયને દોરવાની શ્રમતા પ્રાપ્ત કરીએ છીએ. જે દિવસે સમયનું પ્રબંધન આપણે ઢીલું મુક્યું કે, સમય આપણને પાછળ છોડી આગળ નીકળી જશે. ઘડિયાળના કાંટા પર સવાર સમય, જે આપણી જિંદગીની અમૂલ્ય પળોને લઈ જઈ રહ્યો છે. તે પાછો આપતો નથી. આપણે જો સમયનો સદ્પયોગ કરો છે તો તે સમય, વ્યર્થ નથી ગયો, તે આપણી પાસે જ છે. આપણા ગુણોનાં રૂપમાં, આપણી યોગ્યતા, અનુભવ, આપણી શ્રમતા અને સોનેરી યાદોનાં રૂપમાં.

અને એટલે જ કોઈને મોંઘી ભેટ આપવા માંતા હોય તો તેને સારો - યાદગાર સમય આપો. કારણ કે દરેક વસ્તુ આપીને પાછી લઈ શકાય છે. પરંતુ કોઈને આપેલો તમારો સારો સમય નૉન રીફંડેબલ છે. મધુર સંબંધ પણ ઘડિયાળના બે કાંટા જેવો જ છે. ભલે થોડા સમય માટે મળે પણ છતાંય એક બીજા સાથે જોડાયેલા રહે છે. સારા સંબંધો હંમેશા જીવનમાં ટૉનિકનું કામ કરે છે. એટલે સમયે - સમયે તેને રીચાર્જ કરવાં એટલે કે તમને પ્રિય દરેક વ્યક્તિ માટે થોડો-થોડો સમય ફાળવવો જોઈએ. સમયની વ્યવસ્થા જ કંઈક એવી ગોઠવવી કે જેથી અનેક જવાબદારીઓ, ઉત્તરદાયિત્વ કે ફરજોની વચ્ચે કે પરેશાનીથી દલાયેલા હોવાં છતાં સમયને મધુર બનાવતી સ્વજનોને નિકટ લાવતી, સંબંધોના મીઠા સંભારણારૂપ પળોને માણી શકીએ - આપી શકીએ.

પુરૂષોની સરખામણીમાં મહિલાઓ સમયનું વ્યવસ્થાપન સારી રીતે કરી શકે છે. ગૃહિણીઓને જોઈએ તો તેઓ એક જ સમયે એકથી વધુ કામ ઘણાં આરામથી કરી લેતી હોય છે. નોકરીયાત મહિલાઓ તો ઘરેલું કામ, પારિવારિક જવાબદારી, સામાજિક જવાબદારી ઘણી સુંદર રીતે નિભાવતી હોય છે. પૃથ્વી પોતાની ધરી પર ઘૂમ્યા કરે છે. તો સમયની ગતિને ઓળખી યોગ્ય વ્યવસ્થાપનથી સમયને મુઠ્ઠીમાં કેદ કરવાની ગુસ્તાખી કરીએ. નહિ તો હરિવંશરાયની જેમ કહેવું પડશે -

"જીવનકી આપા ધાપી મેં કબ વક્ત મિલા
કુછ દેર કહીં પર બૈઠ કભી યે સૌચ સકૂં,
જો કિયા, કહા, માના ઉસમેં કયા બૂરા-ભલા!"

-તારી સ્વાતિ

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૩૧મી મે**

● માત્ર ચાર ધોરણ સુધીનો અભ્યાસ કરનારા, જાહેર મુશાયરા, કવિ સંમેલનોના ગઝલ સમ્રાટ 'શયદા' ની પુણ્યતિથિ.

બે ઘડી મોજ સામયિકનાં તંત્રી, ગઝલ સામયિકના સંપાદક, જય ભારતી, ગુલઝારે શાયરી, દીપકના ફુલ, ચિતા, અશ્રુચાલ્યા જાય છે. જેવા ગઝલ સંગ્રહો ૪૪ નવલકથાઓ - પચાસ જેટલાં નાટક-વાર્તા-સંગ્રહ જેવા સાહિત્ય સર્જનો કરનારા 'શયદા' ગુજરાતી ગઝલના ભીષ્મ પિતામહ કહેવાય છે.

● ૨૫૦૦ માઇલની દુનિયાની લાંબામાં લાંબી ઘોડા દોડ ૧૯૭૬માં ન્યુયોર્કથી કેલિફોર્નિયા ચાલી જે ૯૦ દિવસમાં પૂરી થઇ. ૩૧ મે ૧૯૭૬.



● ૧૮૮૩ - સ્વામી વિવેકાનંદજી ભારતીય સંસ્કૃતિના પ્રાચર અર્થે મુંબઇથી અમેરિકા જવા ઉપડ્યા.

● 'મુજ તાગ ઘાટ' ના શોધક મુત્સદ્દી રાજપુરૂષ 'ફ્રાંન્સિર' યંગ હસબેન્ડનો જન્મ - ૧૮૬૩.

# માણસ તેની અધીરાઇને કારણે ખૂબ દુઃખી થઇ જતો હોય છે, જે ધીરજનો ગુણ રાખે છે તેને કોઇ ચિંતા પણ નથી કે કોઇ દુઃખની અનુભૂતિ પણ થતી નથી

## નારી ગુણવંતી

### જાગ્યા ત્યાંથી સવાર

**- અનંત પટેલ**

'જીવનમાં ઘણી બધી સારી ઘટનાઓ એના ચોક્કસ સમયે જ બનતી હોય છે. પરંતુ માણસ તેની અધીરાઇને કારણે ખૂબ દુઃખી થઇ જતો હોય છે. જે ધીરજનો ગુણ રાખે છે તેને કોઇ ચિંતા પણ નથી કે કોઇ દુઃખની અનુભૂતિ પણ થતી નથી. આવું જ આપણી સહજીવનની વ્યક્તિઓ પાસેની આપણી અપેક્ષાઓ સંબંધમાં પણ બને છે.'

- એમે આમ કરવું જ જોઇતું હતું, તેણે આવું કેમ નથી કર્યું? અથવા તે આવું ક્યારે કરશે? એ મોડું - મોડું કંઇક કરે તેનો શો અર્થ?' -

સ્ત્રી કલ્યાણ સંસ્થાનાં પ્રમુખ શ્રીમતી વિભાવરી દેવી તેમની મધુરી વાણીથી સભામાં બેઠેલી ગૃહિણીઓનું પથદર્શન કરી રહી હતી. એમની વાત સંપૂર્ણ સાચી હતી. સાંભળનાર દરેક એમની સાથે સંમત હતી. આ વાંચતી વખતે આપ પણ પૂરેપૂરા સંમત હશો. તે છતાં એ પણ એક હકીકત છે કે આપણે જે થિયરી કે સિધ્ધાંતને સાચો માનીએ છીએ તેને આપણે જ ભૂલી જઇએ છીએ અને કારણ વગરની ચિંતા વહોરીએ છીએ.

સભા પૂરી કરી વિભાવરી દેવી ઘરે આવ્યાં, ત્યારે એક ટપાલ આવેલી તેમણે જોઇ. કવર તોડી ટપાલ ઝડપથી વાંચી લીધી. સોફામાં બેઠાં - બેઠાં ટપાલમાં વાંચેલા સમાચારથી એ જાણે કે મૂંઝવણમાં મૂકાઇ ગયાં. તેમનાં દૂરનાં એક સ્નેહી કે જે ઘણાં વર્ષો પહેલાં તેમની નજીક હતા તે અચાનક તેમના શહેરમાં આવ્યા હતા અને તેમને મળવા માગતા હતા. તેમની ફોન કરવાની હિંમત ચાલી નહોતી એટલે તેમણે પત્ર લખીને મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. જવાબ ફોનથી જાણવા તેમણે ફોન નંબર પણ આપેલ હતો. વિભારવી દેવીએ ખૂબ જ અણગમા સાથે તેમને ફોન પર જવાબ આપવા વિચાર્યું. વીસ વર્ષ પહેલાં એ સ્નેહી તેમની પડોશમાં રહેતા હતા. તે પછી વડોદરાથી વિભારવી બેનની બદલી મહેસાણા થતાં તેમણે વડોદરા કાયમને માટે છોડી દીધું હતું. એટલું જ નહીં વિભાવરી બેને સમાજસેવાની પ્રવૃત્તિ સ્વીકારી હોવાથી તેમની નોકરી પણ છોડી દીધી હતી. વિભાવરી બેને તેમના અંગત નિર્ણયો કે કારણોસર લગ્ન કર્યું જ ન હતું. જો કે વિભારવીબેનની પડોશમાં રહેલા આ સજ્જને જે તે સમયે તેમની નજીક જવાની કોશિષ કરેલી પણ તે સમયે વિભારવી બેનની લગ્ન કર્યા વિના જ જીવન જીવી જવાની સજ્જતા એટલી મજબૂત હતી કે પેલા સજ્જને થાકીને હાર માની લીધી હતી.

આજે વીસ વર્ષ પછી તેમણે પત્ર લખીને મળવાની ઇચ્છા વ્યક્ત કરી હતી તેના પરથી વિભાવરી બેનને લાગ્યું કે તે સજ્જન તેમને હજુ ભૂલ્યા ન હતા. અને કદાચ વિભાવરીબેન પણ તેમના યુવાનીમાં લેવાયેલા એકાકી જીવનના નિર્ણયથી ક્યારેક - ક્યારેક સમીક્ષા કરી લેતાં હોય તેવું ય બનતું ખરું. કદાચ તેમણે પોતાનો નિર્ણય ક્ષતિયુક્ત હોવાનું ય મનોમન સ્વીકાર્યું ય હશે... ખરે, ... જવા દો જે થઇ ગયું તે ગયું! વીતેલો સમય ફરીથી પાછો ક્યાં કોઇને મળે છે? હા, એટલું ખરું કે જે સમય વીતવાનો બાકી છે તે હજી તેમના હાથમાં હતો...'

ફોનની ઘંટડી વાગતાં વિભાવરીબેન તેમના વિચારોમાંથી પાછાં ફર્યાં. કામવાળી ચા બનાવી લાવી તો ચા પીધી. પછી સ્વસ્થ થઇ ફોન પર વાત પતાવીને કોઇ પુસ્તક વાંચવા લાગ્યાં. પછી તેમને પોતાને આજે પોતે સ્ત્રીઓની સભામાં બોલેલા શબ્દો યાદ આવ્યા. જીવનમાં કોઇ પણ વ્યક્તિ પાસે અમુક ચોક્કસ પ્રકારની અપેક્ષા રાખવી જોઇએ નહિ, આકસ્મિક બનતી ઘટનાઓ શુભ હેતુથી જ બને છે તો સ્વીકારીને જીવન જીવીએ તો એ જીવની મજા કંઇક ઓર હોય છે... તેમના આ હકારાત્મક વિચારોએ તે પોતે જ આનંદમાં આવી ગયાં ને પેલા તેમને મળવાની ઇચ્છા વ્યક્ત કરનાર સ્નેહીને હકારાત્મક પ્રત્યુત્તર આપવા માટે તેમણે ફોન લગાડી દીધો... કદાચ જાગ્યા ત્યાંથી સવાર એવું વિભાવરીબેને વિચાર્યું પણ હોય!